Programme







3rd November, 12
Rangoli, Mahendi, Chess & Dance Competition

**We are Thankful to –**
Zeel Design Hut, Aemi's Creations, Retrieve Laboratories, Hetal Namkeen, Jitesh Communication, Malhar computer classes, Parekh Orchestra, Swar Studio, Pooja Party Plot, Karma Computers (Modasa).

**We are Greatful to –**
Mrs. Annapurna Shukla, Mr. Ankur Pathan, Dr. Parul Shah, Dr. Parth Oza, Mrs. Zankhana Mehta, Mr. Vipul Patel, Mr. K. Narayan, Mr. J. I. Patel & Our All committee's Members.


**Shree Krishna Sharanam Mamh is the yearly Newsletter of Shah J. J. Charitable Trust (India).**

**If you would like to contribute some articles or be included in the mailing list, please contact Mr. Jitesh Trivedi, Director of Printing Committee - 9427498377.**

**Phone: (079) 26745528, 26761930, 26601996.**

**All Donations to the trust are 50% exempted from Income Tax Sec. 80(G).**

**Printed Published by : Mr. Yashesh Shah on behalf of the Shah J. J. Charitable Trust. A'bad-15.**

**Edition: 2nd (April 2013)**


Book Post

To:

_______________________

_______________________

_______________________

_______________________


*If not delivered, please return to:*
Head Office
3, Sona Complex, Nr. Nehru Park Fountain,
Vastrapur Lake, Ahmedabad - 380 015.
Phone: (079) 2676 19 30, 98258 77370
Email: shrikrishnasharanam@gmail.com


SHAH J. J. CHA. TRUST
(R.no.- E-16753 / A,bad)
(PWD no.- 738 / 09)

*For Private Circulation Only*

# श्री क्रिष्णा शरणं मम्

# Newsletter

## Rehabilitation Center

SPECIALLY WORK ON MENTAL HEALTH





Annual Report
**12-13**

## સંસ્થા વિષે માહિતી

- **સંસ્થાનો સમય –**

  ઓફિસનો સમય - (વસ્ત્રાપુર) સોમથી શનિ, ૧૦-૦૦ થી ૮-૦૦

  સ્કુલનો સમય - (આનંદનગર)સોમથી શુક્ર, ૧૦-૩૦ થી ૫-૩૦, શનિવાર ૧૦-૩૦ થી ૨-૩૦

- **હાલમાં લાભાર્થીઓની સંખ્યા- ૬૦ લાભાર્થી**
- **કુલ ૩ વિભાગનાં કુલ ૮ ગ્રુપ માનસિક વિકલાંગતા માટે અને ૧ ગ્રુપ નોર્મલ માટે**

| | ઉંમર | ગ્રુપ નામ | વિભાગ | બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ગ્રુપ - ૧ | ૫ થી ૧૦ વર્ષ | પ્રિપ્રાયમરી | ક્રિષ્ણા ડે-કેર | ૦૫ |
| ગ્રુપ - ૨ | ૮ થી ૧૪ વર્ષ | પ્રાયમરી | ક્રિષ્ણા હોમબાઉન્ડ | ૦૬ |
| ગ્રુપ - ૩ | ૧૨ થી ઉપર | પ્રિ-વોકેશનલ | ક્રિષ્ણા વીટીસી | ૧૪ |
| ગ્રુપ - ૪ | ૧૮ થી ઉપર | વોકેશનલ | ક્રિષ્ણા વીટીસી | ૦૭ |

(નોંધ – વોકેશનલ ટ્રેનિંગ બાદ ગૃપ – ૫, ૬, ૭ મુજબ સંસ્થા ધ્વારા સેવા આપવામાં આવે છે.)

| | | | | |
|---|---|---|---|---|
| ગ્રુપ - ૫ | વોકેશનલ ટ્રેનિંગ બાદ | પ્લેસમેન્ટ | શ્રી | ૦૪ |
| ગ્રુપ - ૬ | ટ્રેનિંગ બાદ ધંધા માટે | હેલ્પીંગ હેન્ડ | શ્રી | ૦૮ |
| ગ્રુપ - ૭ | સમયાંતરે માર્ગદર્શન | વોકેશનલ કાઉન્સેલીંગ | શ્રી | ૦૬ |

(નોંધ – માનસિક બિમારી પિડીતોને મેડીકેશન ધ્વારા બહાર લાવીને વ્યવસાયિક પુનર્વસન કરવામાં આવે છે.)

| | | | | |
|---|---|---|---|---|
| ગ્રુપ - ૮ | માનસિક બિમારી | - | શરણં | ૧૦ |
| | | | કુલ | ૬૦ |

(નોંધ – માનસિક વિકલાંગ બાળકોનાં સીબલીંગ્સ માટે પણ સંસ્થા કાર્યરત છે.)

| | | | | |
|---|---|---|---|---|
| ગ્રુપ - ૯ (નોર્મલ) | ૫ થી ૧૬ વર્ષ | સીબલીંગ્સ ગૃપ | ચિલ્ડ્રન ક્લબ | ૨૧ |

- સંસ્થામાં દરેક કેટેગરી, ઉંમર, લેવલનાં બાળકોને પ્રવેશ અપાય છે. બાળકની ઉંમર, કેટેગરી , લેવલ મુજબ તેની તાલીમનો રસ્તો કંડારવામાં આવે છે, અને તે મુજબની તાલીમ આપવામાં આવે છે. જગ્યાનાં અભાવે એક સાથે વધુ સંખ્યામાં તાલીમ કરવી ખૂબ મુશ્કેલ હોય છે. કેટલીક એક્ટીવીટી સાથે કરાવવામાં આવે છે તથા કેટલીક એક્ટીવીટી માટે નાના નાના ગ્રુપ પાડીને સમય સેટ કરવા પડે છે.

## સંસ્થાની વિશેષતા

૧. વર્ષ ૨૦૦૮નાં હેન્ડીકેપ્ડ ઈન્ટરનેશનલ, યુરોપીઅન યુનીયન અને ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર, ગવર્મેન્ટ ઓફ ગુજરાત ધ્વારા થયેલ સર્વે મુજબ માનસિક વિકલાંગતાનાં પુનર્વસન માટે ડાન્સ, મ્યુઝીક, આર્ટ એન્ડ ક્રાફ્ટ, ડ્રોઈંગ, ડ્રામા વિગેરે જેવી આર્ટ આધારિત પ્રવૃત્તિઓનાં માધ્યમથી તાલીમઆપતી ગુજરાતની એક માત્ર સંસ્થા.

૨. માનસિક વિકલાંગતાનાં પુનર્વસન માટે વ્યવસાયલક્ષી તાલીમ એક માત્ર ઈલાજ.

૩. જરુરી મેડીકેશન, અર્લી ઈન્ટરવેશન, બુદ્ધિક્ષમતા આધારીત વ્યવસાયલક્ષી ભણતર એ જ ઉપાય.

૪. આપણો સમાજ તેમની ક્ષમતાને સ્વીકારે અને તેમને સ્થાન આપે તે માટેનાં તમામપ્રયત્નો કરવા.

૫. પેરેન્ટ્સ ટૅનિંગ, મધર વર્કશોપ, ફેમિલી કાઈન્સેલીંગ ધ્વારા બાળકને અનૂકુળ વાતાવરણ ઘરમાં પણ થાય તેવા પ્રયત્નો, દર મહિનાનાં છેલ્લાં શનિવારે પેરેન્ટ્સ મિટીંગ, વોકેશનલ આર્ટ વર્કશોપ, વાર્ષિક પ્રોગ્રેસ કાર્ડ, બાળકની ટૅનિંગમાં વાલીનું ઈન્વોલ્વમેન્ટ ફરજીયાત વિગેરે જેવી અનેક વિશેષતાઓ.

**શ્રી યશેષ શાહ (મેનેજીંગ ટ્રસ્ટી - શ્રી ક્રિષ્ણા શરણં મમ્)**

SHAH J. J. CHA. TRUST
(R.no.- E-16753 / A.bad)
(PWD no.- 738 / 09)







## Children club

સંસ્થામાં આવતાં ડિફરન્ટલિ એબલ બાળકોનાં સીબલીંગ્સ એટલે કે ભાઈ-બહેન કે અન્ય કોઈ પણ નોર્મલ બાળકો માટે આ ચિલ્ડ્રન ક્લબની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં, વર્ષમાં ૨ વર્કશોપ ૩-૩ મહિનાનાં હોય છે. ઉનાળું વેકેશનમાં સમર કેમ્પ હોય છે. આ વર્કશોપ માત્ર રવિવારનાં દિવસે જ ૪ કલાક ચાલે છે. જેમાં, ડાન્સીંગ, ડ્રોઈંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ , ડ્રામા, પઝલ્સ, રમતગમત, યોગ, મેડીટેશન વિગેરે જેવી અનેકવિધ એક્ટીવીટીઓ કરાવવામાં આવે છે અને સાથે સાથે આ માધ્યમોથી તેમનાં ભણતરનું સ્તર ઉંચું જાય તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. બાળકની અંદર છુપાયેલી સુષુપ્તશક્તિઓને શોધી તેને પ્રેરકબળ આપવામાં આવે છે. બાળકની અંદર એક જબરજસ્ત આત્મવિશ્વાસ સિંચવામાં આ દરેક એક્ટીવીટી ખૂબ જ મદદરુપ નીવડે છે. દરેક બાળકને આત્મનિર્ભરતાની તાલીમઆપી એક ડાયનેમિક પર્સનાલિટી ખિલવવામાં આવે છે.

હાલમાં આ ક્લબમાં ૩૦ જેટલા બાળકો રજીસ્ટર થયા છે. એક નપાસ થતાં છોકરાંનું પરિણામ૪ વર્ષ પછી આજે ૮૦ ટકા ઉપર છે. મોટાભાગનાં દરેક બાળકોનાં રીઝલ્ટ સુંધરી ગયા છે. સાથે સાથે તેઓ અલગ અલગ એક્ટીવીટીમાં પણ પારંગત થયા છે. આ ક્લબ ધ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે.








### શ્રી ક્રિષ્ણા શરણં મમ્ની જાહેરજનતાને અપીલ :-

૧) બીનવપરાશની વસ્તુઓનું કલેક્શન તથા વિતરણ માટે અપીલ: -

બીનવપરાશી વસ્તુઓ ખાસ કરીને કપડાં, રમકડાં, ફર્નિચર, સ્ટેશનરી, ક્રોકરી વિગેરેનું કલેક્શન કરીને તેને જરુરિયાતમંદ ગરીબોમાં વિતરણ કરી દેવામાં આવે છે. આ વસ્તુઓ આપનાર દાતાનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ અને હજુ આપણે આવા દાતાઓ વધારીએ તથા તેનું વિતરણ વધુ કરીએ તેવી આશા. જેનાં સંચાલન માટે પણ સેવાભાવી વ્યક્તિઓની જરુરત છે.

૨) ઘરે રહી અથવા ઓફિસમાં આવી સહાય કરવા અપીલ :-

શ્રી ક્રિષ્ણા શરણં મમ્ ઘણી પ્રવૃત્તિઓ વિનામૂલ્યે કરે છે. તેથી તેની માહિતી આપવી-પહોંચાડવી ખૂબ જ જરુરી છે. જે માટે ફોન કરવા માટે ઓફિસ પર આવી શકશો. તેમજ ઘરે બેઠાં પોસ્ટકાર્ડ પણ લખી શકાશે. તેમજ મોબાઈલ ઉપર એસ.એમ.એસ. કરવા તથા મેઈલ કરવા જેવાં કાર્યો માટે પણ સેવાભાવી વ્યક્તિઓની ખૂબ જ જરુર છે. તમારી અનૂકુળતાનાં ફ્રી સમયનો ઉપયોગ સમાજને આપવા માટે સંસ્થાનાં કાર્યાલય પર સંપર્ક કરવા વિનંતી છે.

૩) શ્રી ક્રિષ્ણા શરણં મમ્નાં ન્યુઝ લેટરનાં વધુ ગ્રાહકો બનાવવા અપીલ -

સંસ્થાની વિના મૂલ્યે પ્રવૃત્તિનો લાભ જનતા ત્યારે લઈ શકશે કે તેમને તે પ્રવૃત્તિ વિષે માહિતી હોય. પ્રવૃત્તિ જાણશે તો જ લાભ લઈ શકશે.વાર્ષિક લવાજમ ૫૦૧-રુ., ત્રણ વર્ષનાં ૧૩૦૧-રુ., અને પાંચ વર્ષનાં ૨૦૦૧-રુ. ભરાવીને પ્રોત્સાહિત કરવા વિનંતી.

૪) સંસ્થાની કમિટીઓમાં સભ્ય બનાવવા અપીલ -

સંસ્થાંનાં કાર્યવિસ્તાર વધારવા માટે ઘણાં હાથોની જરુર હોય છે. જે માટે સંસ્થાનાં ટ્રસ્ટીશ્રીઓ ધ્વારા અલગ અલગ ક્ષેત્રોનાં વિકાસ માટે અલગ અલગ કમિટીઓની રચનાં કરી છે. જેવી, કે આર્ટ એન્ડ એજ્યુકેશન કમિટી, મેડીકલ કમિટી, લીગલ કમિટી, એડવાઈઝરી કમિટી અને કારોબારી કમિટી. સંસ્થાની આ કમિટીમાં સેવાભાવી વ્યક્તિઓ વાર્ષિક ૫૦૦૧-રુ. ભરીને સભ્ય બની શકે છે. અને સંસ્થાનાં ઘણાં કાર્યો છે, જેમાં, તે પોતાનું યોગદાન આપી શકે છે. અને આ કમિટીનાં સભ્યોમાંથી મુખ્ય કમિટીઓનાં જ ટોટલ ૨૫ કમિટી સભ્યો આ સંસ્થાની કારોબારીમાં આવે છે. તો વધુમાં વધુ સભ્યો બનાવવા વિનંતી.

૫) વિશેષમાં જરુર છે. :- (૧) ૬૦૦૧-રુ.લેખે સ્કુલમાં બાળકો માટે પાણી ઠંડુ રહે તેવો જગ (૨) બે કોમ્પ્યુટર ૧૩૫૦૦૧-રુ. લેખે (૩) ૬૫૦૦૧-રુ. લેખે સિલાઈ મશીન (૪) ૩૫૦૦૧- લેખે સ્કુલમાં બેંચ (૫) ૭૦૦૦૧- લેખે કબાટ (૬) એમ.બી.બી.એસ. ડોક્ટર્સ : વિવિધ મેડીકલ કેન્દ્રો ખોલવા જરુરી છે. (૭) વિવિધ પ્રવૃત્તિ માટે વિના મૂલ્યે જગ્યા : જગ્યા તમારી માલિકીની, ફક્ત મહિનામાં ૧-૨ વાર અનુકુળતાનાં સમય કે ૨-૩ કલાક માટે અથવા તમારા ફાજલ સમય માટે પ્રવૃત્તિ પણ તમારા નામે થશે. (૮) વિવિધ પ્રવૃત્તિનાં નિષ્ણાંતની સેવા : સ્કીલ તમારી, ફાજલ સમય તમારો. (૯) સંસ્થાનાં પ્રોજેક્ટો વિકલાંગતાનાં ક્ષેત્રોમાં કાર્યરત છે, જે માટે સંસ્થા પાસે કોઈ જગ્યા નથી તો સંસ્થાનાં ડે-કેર સેન્ટર, વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, પ્લેસમેન્ટ, વર્કશોપ વિગેરે જેવાં પ્રોજેક્ટો માનસિક વિકલાંગતાનાં ક્ષેત્રે ચલાવવા માટે જગ્યાની ખાસ જરુર છે. હાલમાં સંસ્થાની સ્કુલ એક ૧૦ ફૂટ બાય ૧૫ ફૂટનાં રુમમાં ચાલે છે.

SHAH J. J. CHA. TRUST
(R.no.- E-16753 / A.bad)
(PWD no.- 738 / 09)

## જીવનમાં વિચારોનું મહત્વ

## કર્યા વગર કટાઈ જવા કરતાં બહેતર છે ઘસાઈ જવું.

આપણાં વિચારો આપણી માન્યતાઓ બને છે. આપણી માન્યતાઓ ધ્વારા આપણી લાગણીઓ ઉદ્ભવે છે. આપણી લાગણીઓ ધ્વારા આપણાં મૂલ્યો બને છે. આપણાં મૂલ્યો મુજબ આપણા વચનો બોલાય છે. આપણાં વચન મુજબ આપણું વર્તન બને છે. અને આપણાં વચન અને વર્તન મુજબ આપણું ચરિત્ર ઘડાય છે. આપણું ચારિત્ર જ આપણાં જીવનની દિશા અને દશા નક્કી કરે છે. ટૂંકમાં, આપણી સફળતા, સુરક્ષિતતા, સમૃદ્ધિ, વિકાસ, સુખ તથા શાંતિનો મૂળ આધાર આપણાં વિચારો છે. કહેવાય છે ને કે,....

જેવા વિચાર કરશો, તેવા તમે થવાના,

દિલનાં વિચાર નક્કી, જીવન બની જવાનાં.

આશાકારી, સકારાત્મક અને રચનાત્મક વિચારો કરતા આપણે શીખી શકીએ છીએ. વિચારોમાં કરેલો સુધારો જીવનમાં અદ્ભુત પરિવર્તન લાવી શકે છે. મનોવિજ્ઞાન અને ભાષાનાં સમન્વયથી આપણાં માઈન્ડનું પ્રોગ્રામિંગ કરી શકાય છે. જે ધ્વારા આપણે આપણાં જીવનની દિશા અને દશા બંનેવને સકારાત્મકતા તરફ બદલી શકીએ છીએ અને સુખ, શાંતિ અને સંતોષનો ઓડકાર લઈ શકીએ છીએ.


માનસિક બીમારીમાં મુખ્ય રીતે વ્યક્તિનાં વર્તનમાં અને વિચારોમાં ખૂબ જ તફાવત તેમજ અસ્તવ્યસ્તતા જોવા મળે છે. આપણાં ભારતદેશમાં વિજ્ઞાન અને તત્વવિજ્ઞાન બંનેવને મહત્વ આપવામાં આવે છે. સમગ્ર સૃષ્ટિમાં પણ વિજ્ઞાન દરેક વસ્તુનાં જવાબ આપી શક્યું નથી. ત્યારે તે જવાબ તત્વજ્ઞાનમાંથી એટલે કે આધ્યાત્મિકતામાં મળે છે. અને આ તત્વજ્ઞાન મુજબ વિચારો કરવાનું કામ મન કરે છે, તેની ઉપર ચિત્ત હોય છે જે સારા-નરસાંનું વર્ગીકરણ કરે છે. જેની, મદદથી આપણી બુદ્ધિ નિર્ણય લે છે. બુદ્ધિ હંમેશા સત્ય જ નિર્ણય લેતી હોય છે. પરંતુ, તે બુદ્ધિનાં નિર્ણય પ્રમાણે અનુસરાવાનું કામ અહંકારનું હોય છે. એટલે કે બુદ્ધિની સર્વોપરી સત્તા હોય છે આપણાં સમગ્ર માનસ ઉપર. બુદ્ધિ શેઠ છે તો અહંકાર નોકર છે. પરંતુ, જો બાહ્ય વાતાવરણને કારણે કોઈ વિપરીત સંજોગોમાં કોઈ પણ કારણસર બુદ્ધિ બંધ થઈ જાય કે નોકર શેઠ થઈ જાય અને શેઠ નોકર થઈ જાય તેવાં સંજોગોમાં નિર્ણય અહંકાર લે છે. બુદ્ધિ રાજા છે, તો ચિત્ત તેનો પ્રધાન છે. રાજા કામ કરતો બંધ થઈ જાય તો પ્રધાન પણ તેનું કામ છોડી દે છે. જેનાં કારણે ખોટા સૂચનો અહંકાર ધ્વારા આપવામાં આવે છે. જેથી, વ્યક્તિનું શાણપણ જતું રહે છે, વ્યવહારિકતા જતી રહે છે, લાગણીઓ પર કાબુ જતો રહે છે. અને તેથી મનનાં વિચારો પર કાબુ રહેતો નથી. તેવાં સમયે ચિત્ત અને બુદ્ધિ નબળાં થઈ જાય છે. માટે ચંચળ મનનાં બેકાબુ વિચારોને અહંકાર પોતાની રીતે અનુસરે છે. જે સામાજીક રીતે ખોટાં હોય છે. તેમનાં વર્તન અને વાણીમાં કોઈ નિયંત્રણ રહેતું નથી. જેને, વિજ્ઞાનની દ્રષ્ટિએ ડિપ્રેશન, માનસિક બીમારી કે ગાંડપણ પણ કહેવામાં આવે છે. મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર જો એક તાલથી કામકરે તો ખૂબ જ સારી જીંદગી જીવી શકાય છે. આ ચારમાં જો વિસંગતતા આવે તો મનુષ્ય તકલીફમાં આવી જાય છે. આ ચારેયને તાલમાં લાવવા માટે વ્યક્તિનાં માઈન્ડનું રિપ્રોગ્રામિંગ કરવું પડે છે.

આ પ્રકારનું પ્રોગ્રામિંગ આપણી સંસ્થાનાં મેન્ટલ હેલ્થ સ્પા એટલે કે શરણં પ્રોજેક્ટ અંતર્ગત થાય છે. જે એક ચોક્કસ વાતાવરણમાં ચોક્કસ સંગીતના ઉપયોગ ધ્વારા ચોક્કસ સુચનોની મદદથી કરવામાં આવે છે. તદ્ઉપરાંત આ માટે જુરુર પડ્યે માલિસ-મસાજ, પંચકર્મ ધ્વારા શરીરનું શુદ્ધિકરણ કરવામાં આવે છે. તેમજ યોગ-મેડીટેશનનો ઉપયોગ પણ કરવામાં આવે છે. સાથે-સાથે ફૂડ ટાયેટ અંગે પણ સૂચના આપવામાં આવે છે. જેનો અમલ જાતે જ કરવાનો હોય છે. આ પ્રકારનાં પ્રોગ્રામિંગ માટે તેમજ મનોદૈહિક રોગોની સારવાર માટે પેકેજીસની વ્યવસ્થા કરવામાં આવી છે. જે માટે કુશળ સાઈકોલોજીસ્ટો તથા મેડીકલ ટીમ આપણી સંસ્થામાં છે. આ પધ્ધતિથી મનોરોગો તેમજ ઘણાં શારિરીક રોગો મટી શકે છે.

માનસિક વિકલાંગતાઓ માટે પણ ક્રિષ્ણા પ્રોજેક્ટનાં તમામ પ્રોજેક્ટોમાં આ પધ્ધતિઓથી જ તેમનાં માટે તેમનાં જીવનનાં રસ્તા કંડારવામાં આવે છે.

**શ્રી યશેષ શાહ (મેનેજીંગ ટ્રસ્ટી - શ્રી ક્રિષ્ણા શરણં મમ્)**











## { I } Krishna VTC - General Activities
## (April '12 to March '13)

| તારીખ | વિગત | કેવી રીતે કર્યું. |
|---|---|---|
| ૧ મે થી ૩૧ મે ૨૦૧૨ | સમર કેમ્પ | નોર્મલ બાળકો અને સ્પે. બાળકો બંનેવ માટે અલગ બેચ કરી. |
| ૧ જૂન થી ૩૦ જૂન ૨૦૧૨ | સ્ટડી કેમ્પ | ધો. ૯,૧૦,૧૧,૧૨ નાં બાળકો માટે – કેવી રીતે ભણવું.. |
| ૧૭ જૂલાઈ ૨૦૧૨ | બેંક વીઝીટ | ભારતીય સ્ટેટ બેંકની વીઝીટ બાળકોએ લીધી અને બેંકની કાર્યવાહી અંગે જાણકારી મેળવી. |
| ૨ ઓગસ્ટ ૨૦૧૨ | રક્ષાબંધન | આ નિમિત્તે રાખડીઓ બનાવીને વેંચાણ પણ કર્યુ. |
| ૧૦ ઓગસ્ટ ૨૦૧૨ | જન્માષ્ટમી | કૃષ્ણ જન્મદિવસ સ્કુલમાં ઉજવ્યો. |
| ૧૫ સપ્ટે. ૨૦૧૨ | આર્ટવર્કશોપ | પેપર બેગ બનાવતાં શીખ્યા. |
| ૧૫ સપ્ટે. ૨૦૧૨ | તત્કાળ ચિત્ર સ્પર્ધા | SWMR આયોજીત તત્કાળ ચિત્ર સ્પર્ધામાં ૪ બાળકોએ ભાગ લીધો. |
| ૧૩ ઓક્ટો. ૨૦૧૨ | આર્ટવર્કશોપ | જેલ કેંડલ તથા ફીશ પોટ બનાવતાં શીખ્યા. |
| ૧૬ ઓક્ટો. ૨૦૧૨ | સોલીવુડ નવરાત્રિ | સંકલ્પ ડીસેબલ એસોસીએશન આયોજીત સોલીવુડ નવરાત્રિ મહોત્સવમાં સંસ્થાનાં કમિટી સભ્યો તથા બાળકોએ ભાગ લીધો. |
| ૧૯ ઓક્ટો. ૨૦૧૨ | નવરાત્રિ | SWMR આયોજીત નવરાત્રી પ્રોગ્રામમાં બાળકોએ તથા અપંગમાનવ મંડળ આયોજીત નવરાત્રી પ્રોગ્રામમાં સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ કુટુંબ સાથે ભાગ લીધો. |
| ૨૮ ઓક્ટો. ૨૦૧૨ | એક્ઝીબીશન | જાગૃતિફાઉન્ડેશન આયોજીત એક્ઝીબીશનમાં બાળકોએ ભાગ લીધો. |
| ૩ નવેમ્બર ૨૦૧૨ | રંગોળીસ્પર્ધા | આપણી સંસ્થા ધ્વારા આયોજીત રંગોળી સ્પર્ધામાં બાળકોએ ભાગ લીધો. તેમજ ઈનામપણ જીત્યા. અને ડાન્સ ધમાલ કરી. |
| ૮ નવેમ્બર ૨૦૧૨ | દિવાળી | ફટાકડાં ફોડ્યા અને મિઠાઈઓ ખાઈને દિવાળીની ઉજવણી કરી. |
| ૧ ડિસેમ્બર ૨૦૧૨ | એવોર્ડફંક્શન | રુડમી સંસ્થા આયોજીત એવોર્ડ ફંક્શનમાં સંસ્થાનાં શિક્ષકોએ ભાગ લીધો. |
| ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ | ગેટ ટુ ગેધર | દિવાળી ગેટ ટુ ગેધરમાં સંસ્થાનાં બાળકોએ ફેમિલી સાથે ભાગ લીધો. |
| ૧૯ ડિસેમ્બર ૨૦૧૨ | ફેક્ટરી વીઝીટ | સંસ્થાનાં શિક્ષકો તથા વાલીઓને બ્લોક પ્રીન્ટીંગ તથા ડાઈઝની ફેક્ટરી વીઝીટ કરાવીને તેમને બાળકોની તાલીમમાટે માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| ૨૩ ડિસેમ્બર ૨૦૧૨ | આર્ટવર્કશોપ | ચોકલેટ મેકીંગ અને એનવલપ ડેકોરેશન કરતાં શીખ્યા. |
| ૩૧ ડિસેમ્બર ૨૦૧૨ | પાર્ટી | ન્યુઈયર પાર્ટીમાં ડાન્સ ધમાલ કરી. |
| ૧૪ જાન્યુઆરી ૨૦૧૩ | ઉત્તરાયણ | પતંગો બનાવીને આ દિવસે ચગાવ્યા. |
| ૨ ફેબ્રુઆરી ૨૦૧૩ | સાંસ્કૃતિક કાર્યક્રમ | SWMR આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૮ બાળકોએ ભાગ લીધો. |
| ૯ ફેબ્રુઆરી ૨૦૧૩ | આર્ટવર્કશોપ | આરતીનો થાળ અને મુખવાસબોક્ષ બનાવતાં શીખ્યા. |
| ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૩ | ચેરીટીવોક | મોટીફ અને આઈસેડ સંસ્થાઓ ધ્વારા ગોઠવાયેલ ચેરીટીવોકમાં સંસ્થાનાં ચેરમેનશ્રી જે.જે.શાહે તથા કમિટી સભ્યોએ તથા બાળકોએ ભાગ લીધો. |
| ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૩ | વ્યાયામશાળા | વ્યાયામશાળા રમતોત્સવમાં સંસ્થાનાં ૭ બાળકોએ ભાગ લીધો. |
| ૨૮ - ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૩ | સ્પે.ઓલમ્પિક | ખેલમહાકુંભ રમતોત્સવમાં સંસ્થાનાં ૧૧ બાળકોએ ભાગ લીધો. |
| ૯ માર્ચ ૨૦૧૩ | આર્ટવર્કશોપ | મુખવાસ મેકીંગમાં રાજભોગ,રજવાડી, કલકત્તિ બીડા અને ખારેક બનાવતાં શીખ્યા. |
| ૧૭ માર્ચ ૨૦૧૩ | પીકનીક | તિરુપતી નેચરલ ફાર્મ (વિસનગર), વસાણિયા મહાદેવ, ગાંધીનગરનાં સરિતાઉધ્યાનમાં એક દિવસીય પીકનીક ગયા. |
| ૧૮ માર્ચ ૨૦૧૩ | સેમિનાર | ઉત્કર્ષ વુમન્સ ક્લબ આયોજીત સેમિનારમાં સંસ્થાનાં આર્ટ કમિટી ચેરમેન શ્રીમતી અમીતા શાહે અને પ્રો.કો-ઓર્ડિનેટર કુ. દક્ષા મકવાણાએ ભાગ લીધો. |
| ૨૫ માર્ચ ૨૦૧૩ | હોળીપીકનીક | નવજીવન સ્કુલ આયોજીત હોલી સેલીબ્રેશન પીકનીકમાં સંસ્થાનાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. |
| ૨૬ -૨૭ માર્ચ ૨૦૧૩ | હોળી,ધૂળેટી | નેચરલ કલર્સની ઓળખ આપી તેનાંથી ધૂળેટી રમ્યા. |

## { II } Parent's Meetings
## ( 2012 - 2013 )

| | | |
|---|---|---|
| ૨૧-૪-૨૦૧૨ | બાળકોનો વાર્ષિક રીપોર્ટ | શ્રી યશેષ શાહ (મેનેજીંગ ટ્રસ્ટી) |
| ૨-૫-૨૦૧૨ | મધર વર્કશોપ | શ્રીમતી સોનલ પટેલ (માનસિક આરોગ્યની હોસ્પીટલ) |
| ૩૦-૬-૨૦૧૨ | ઓરીએન્ટેશન મિટીંગ તથા વાલી ટ્રેનિંગ | શ્રીમતી રીના શાહ(વર્કિંગ કમિટી ચેરમેન) |
| ૨૮-૭-૨૦૧૨ | સ્પીચ પ્રોબ્લેમવિષે જાણકારી અને ટીપ્સ | કુ. શેતલ શાહ (સ્પીચ થેરાપીસ્ટ) |
| ૩૧-૮-૨૦૧૨ | સીઝનલ પ્રોડક્ટસ મેકીંગ વિષે જાણકારી | શ્રીમતી અમીતા શાહ(આર્ટ કમિટી ચેરમેન) |
| ૨૯-૯-૨૦૧૨ | ફિઝીયોથેરાપી વિષે જાણકારી | ડો. સ્નેહલતા મોદી (ફિઝીયોથેરાપીસ્ટ) |
| ૨૭-૧૦-૨૦૧૨ | ચિલ્ડ્રન ક્લબ અને યુથ ક્લબ પ્રોજેક્ટની માહિતી | શ્રીમતી રીપલ ભટ્ટ (સ્પે. ટીચર) |
| ૨૪-૧૧-૨૦૧૨ | વાલી મીટીંગ | --- |
| ૨૯-૧૨-૨૦૧૨ | વાલી મીટીંગ | --- |
| ૧૯-૧-૨૦૧૩ | વાલી મીટીંગ | --- |
| ૨૩-૨-૨૦૧૩ | વાલી મીટીંગ | --- |
| ૩૦-૩-૨૦૧૩ | વાલી મીટીંગ | --- |
| ૨૫-૪-૨૦૧૩ | બાળકોનો વાર્ષિક રીપોર્ટ | શ્રી યશેષ શાહ (મેનેજીંગ ટ્રસ્ટી) |

શ્રી દક્ષા મકવાણા (પ્રોજેક્ટ કોઓર્ડિનેટર - ક્રિષ્ણા વીટીસી)

## Krishna VTC - આનંદનગર સ્કુલનું સમયપત્રક

| દરરોજનો કાર્યક્રમ | |
|---|---|
| ૧૦.૩૦ થી ૧૧.૦૦ | બાળકોનું આગમન |
| ૧૧.૦૦ થી ૧૧.૧૫ | મંત્રોચ્ચાર અને આલ્ફા સંગીત સાથે મેડીટેશન |
| ૧૧.૧૫ થી ૧૧.૩૦ | પ્રાર્થના, ડાયરી રીડીંગ |
| ૧૧.૩૦ થી ૧૧.૪૫ | યોગા |
| ૧૧.૪૫ થી ૧૨.૦૦ | મની કાઉન્ટીંગ, ઘડીયાળ જોતા શીખવું, ગ્રુમિંગ ટ્રેનિંગ, ટોઈલેટ ટ્રેનિંગ |
| ૧૨.૦૦થી૧.૦૦ | બાળકનાં લેવલ અને કોર્ષ આધારીત એજ્યુકેશન |
| ૧.૦૦ થી ૧.૩૦ | ઈટીંગ સ્કીલ |
| ૧.૩૦ થી ૨.૦૦ | રીસેસ |
| ૨.૦૦ થી ૩.૦૦ | ચિત્રકામ(સોમ અને ગુરુ), આર્ટ એન્ડ ક્રાફ્ટ (મંગળ અને શુક્ર), સામાન્ય જ્ઞાન (બુધ) |
| ૩.૦૦ થી ૪.૦૦ | પ્રિ-વોકેશનલ અને વોકેશનલ ટ્રેનિંગ |
| ૪.૦૦ થી ૫.૦૦ | ડાન્સીંગ (મંગળ, ગુરૂ), ડ્રામા (સોમ, બુધ), રમતગમત (શુક્ર, શનિ) |
| ૫.૦૦ થી ૫.૩૦ | બાળકોનું ગમન |


| વાર્ષિક કાર્યક્રમ | |
|---|---|
| જૂન | શાળા પ્રવેશ |
| જૂલાઈ, ડિસેમ્બર | બાળકદીઠ પ્લાનીંગ લેખન |
| ઓક્ટોબર, માર્ચ | એસેસમેન્ટ |
| એપ્રિલ | પરીક્ષા , પ્રોગ્રેસરીપોર્ટ , હોમવિઝીટ |
| સપ્ટે., ઓક્ટો. | મેડીકલ કેમ્પ |
| ડિસેમ્બર, ફેબ્રુઆરી | પીકનીક |
| મે | સમર કેમ્પ |
| મહિનાનાં છેલ્લાં શનિવારે | વાલી – ટ્રસ્ટી મીટીંગ |
| મહિનાનાં ૩જા શનિવારે | સ્ટાફ – ટ્રસ્ટી મીટીંગ |
| મહિનાનાં ૨જા શનિવારે | આર્ટ વર્કશોપ |















## Products made by People with Disabilities @ J J Shah Charitable Trust

### *Handicrafts Products*



### *Designer Products*



**Contact to Place the Order :**

**For *Handicrafts Products* - 9327693113**
Mrs. Chhaya Khatri (Exhibition Committee)
***For Designer Products* - 9558815170**
Mrs. Amita Shah (Training Director)
***For Assistive Devices* – 9824236684**
Ms. Darshita Babubhai Shah(Education Committee)



### *Assistive Devices*

વ્હીલચેર, જયપુર ફુટ, ઘોડી, કેલીપર્સ, સીપીચેર, હીયરીંગ એડ્સ, ટ્રાઈસીકલ જેવાં ડિફ્રન્ટલિ એબલ વ્યક્તિઓને જરુરી તમામ સાધનો આપણી સંસ્થામાંથી પણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ વ્યવસ્થા આપણી સાથે લાઈફ ટાઈમ મેમ્બર થયેલ સંસ્થા દર્શુ પબ્લીક કેર ચેરીટેબલ ટ્રસ્ટ ને સોંપવામાં આવેલ છે. જે માટે સંપર્ક નંબર – ૦૭૩૮૩૪૬૦૫૨૪, ૦૯૮૨૪૨૩૬૬૮૪.

## Workshops / Camps / Seminars / Trainings / Programmes

### Vocational Art Workshop – At Krishna VTC

| તારીખ | વિષય | લાભાર્થીની સંખ્યા | લાભાર્થી સંસ્થાનું નામ |
|---|---|---|---|
| ૧૫ સપ્ટે., ૨૦૧૨ | પેપરબેગ મેકીંગ | ૧૮ | વિકાસ ડે કેર-વિરમગામ, ચિન્મય મિશન-સરખેજ, ક્રિષ્ણા વીટીસી |
| ૧૩ ઓક્ટો., ૨૦૧૨ | જેલ કેન્ડલ મેકીંગ | ૧૪ | વિકાસ ડે કેર-વિરમગામ, અંધજન મંડળ-વસ્ત્રાપુર, ડો.જીત મહેતા સ્કુલ, ક્રિષ્ણા વીટીસી |
| ૨૩ ડિસેમ્બર, ૨૦૧૨ | ચોકલેટ મેકીંગ, એનવલપ ડેકોરેશન | ૧૨ | ડો.જીત મહેતા સ્કુલ, ક્રિષ્ણા વીટીસી |
| ૯ ફેબ્રુઆરી, ૨૦૧૩ | આરતીનો થાળ, મુખવાસ | ૧૧ | અપંગ માનવ મંડળ-ગુરુકુળ, અંધજન મંડળ-બોક્ષમેકીંગ વસ્ત્રાપુર, ક્રિષ્ણા વીટીસી |
| ૯ માર્ચ, ૨૦૧૩ | મુખવાસ મેકીંગ (રાજભોગ, રજવાડી, કલકત્તી બીડાં, ખારેક) | ૨૧ | અંધજન મંડળ-વસ્ત્રાપુર, ડો.જીત મહેતા સ્કુલ, ક્રિષ્ણા વીટીસી, મલ્હાર કોમ્પ્યુટર્સ |

### Vocational Training Workshops

| તારીખ | વિષય | લાભાર્થીની સંખ્યા | લાભાર્થી સંસ્થાનું નામ |
|---|---|---|---|
| ૩ મહિના (ઓગસ્ટ, સપ્ટે, ઓક્ટો ૨૦૧૨) | પેપરબેગ મેકીંગ | ૧૦ અપંગ બહેનો | અપંગ માનવ મંડળ (કન્યા છાત્રાલય), ગુરુકુળ |
| ૪૦ દિવસ (નવે, ડિસે, ૨૦૧૨) | ગારમેન્ટ્સ મેન્યુફેક્ચરીંગ | ૨૫ બહેનો (જનરલ કેટેગરી) | ક્રિષ્ણા વીટીસી – વસ્ત્રાપુર |
| ૪૦ દિવસ (નવે, ડિસે, ૨૦૧૨) | ફેન્સી ક્લોથ બેગ્સ મેકીંગ | ૨૦ બહેનો (અનુસુચિત જાતિ) | ક્રિષ્ણા વીટીસી – ધોળકા |
| ૪૦ દિવસ (નવે, ડિસે, ૨૦૧૨) | ટેલી એકાઉન્ટીંગ | ૨૦ સભ્યો (અનુસુચિત જાતિ) | કર્મા કોમ્પ્યુટર્સ – મોડાસા |
| ૪૦ દિવસ (નવે, ડિસે, ૨૦૧૨) | કોમ્પ્યુટર હાર્ડવેર મેઈન્ટેનન્સ એન્ડ નેટવર્કીંગ | ૨૦ સભ્યો (અનુસુચિત જનજાતિ) | કર્મા કોમ્પ્યુટર્સ – મોડાસા |

**શ્રીમતી અમીતાબેન શાહ (ટ્રેનીંગ ડાયરેક્ટર આર્ટ કમિટી)**

### Seminars

| તારીખ | વિષય | લાભાર્થીની સંખ્યા | લાભાર્થી સંસ્થાનું નામ |
|---|---|---|---|
| ૫ ફેબ્રુઆરી, ૨૦૧૨ | સ્ટ્રેસ એન્ડ સ્ટ્રેસ ઈન્ડ્યુસીસ સાઈકોસોમેટીક ડીસઓર્ડર | ૯૫ મેડીકલ સ્ટુડન્ટ્સ | અખંડ આનંદ આયુર્વેદિક કોલેજ, અમદાવાદ |

**-: Programmes :-** 3rd, November 2012 – Rangoli , Mehandi & Chess Compitition

### Exhibitions cum Sale

| તારીખ | વિષય | જગ્યા |
|---|---|---|
| ૧ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૧૨ | **ફેસ્ટીવલ સેલ** | વસ્ત્રાપુર ઓફિસ |
| ૨૨,૨૩ સપ્ટે. ૨૦૧૨ | **મોનસુન મેલા** | માણેકબાગ હોલ |
| ૨૮,૨૯,૩૦ સપ્ટે. ૨૦૧૨ | **નવરાત્રિ મેલા** | હોટલ સીટી પ્રાઈડ |
| ૨૮, ઓક્ટો. ૨૦૧૨ | **જાગૃતિ ફાઉન્ડેશન આયોજીત એક્ઝીબીશન** | માણેકબાગ હોલ |
| ૩,૪ નવેમ્બર ૨૦૧૨ | **દિવાળી મેલા** | માણેકબાગ હોલ |
| ૬,૭ નવેમ્બર ૨૦૧૨ | **દિવાળી મેલા** | સ્વસ્તિક હોલ |
| ૧ થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૩ | **એનિવર્સરી એક્ઝીબીશન કમ સેલ** | વસ્ત્રાપુર ઓફિસ |
| ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૩ | **આઈશેડ સંસ્થા ધ્વારા આયોજીત ચેરીટીવોકમાં સ્ટોલ** | અટીરા ગાર્ડન |

**શ્રીમતી છાયા ખત્રી (એક્ઝીબીશન કમિટી ચેરમેન)**

SHAH J. J. CHA. TRUST
(R.no.- E-16753 / A.bad)
(PWD no.- 738 / 09)









**➡ આ મુખ્ય પ્રવૃત્તિઓ સિવાય અન્ય પ્રવૃત્તિઓ પણ થાય છે, જે નીચે મુજબ છે.**

- દર બુધવારે સેલ્ફ કુકીંગ.- બાળકોને કહ્યા મુજબ તેઓ મેનુ મુજબ મંગાવેલ ચીજ-વસ્તુઓ લઈને આવે તેમજ શિક્ષકો અને બાળકો ભેગાં થઈને જમવાનું બનાવે અને ભેગાં મળીને જમે છે.
- વર્ષ ૨૦૧૨-૧૩માં સ્કુલમાં આ બુધવારનાં પ્રોજેક્ટમાં રોટલી, પરાઠા, પુરી, મટર પનીર, પનીર મસાલા, બટાકા પૌંઆ, મેથીનાં ગોટા, આલુ પરોઠા, ભેળ, આલુ સેન્ડવીચ, ટોસ્ટ સેન્ડવીચ, ચીઝ-બટર સેન્ડવીચ, ચટપટી, કઠોળ ચાટ, બટાકા-ડુંગરીનાં ભજીયા, પાણીપુરી, છોલેપુરી, બટાકાવડા વિગેરે જેવી ચીજ-વસ્તુઓ બનાવતાં શીખવાડવામાં આવી.
- અઠવાડિયાનાં બાકીનાં દિવસોનું નાસ્તા માટેનું મેનુ સ્કુલ તરફથી નક્કી કરી દેવામાં આવ્યું છે. જે મેનુંનાં કારણે આ બાળકો તમામવસ્તુઓ જમતાં શીખે છે અને આ મેનુ આપણાં ભારતીય વેદ એટલે કે આયુર્વેદશાસ્ત્ર પ્રમાણે નક્કી કરવામાં આવ્યું છે.
- સ્પે. ટીચરોની સાથે વાલીઓને પણ ઈન્વોલ્વ કરવામાં આવે છે. એક વાલી પીકનીક ઈનચાર્જ છે. તો એક વાલી કલ્ચરલ એક્ટીવીટી સંભાળે છે. બીજા એક વાલી રમતગમત ઉપર ધ્યાન આપે છે. આ વાલીઓ પોતાનાં જ નહિ પરંતુ, સ્કુલમાં આવતાં દરેક બાળક માટે ધ્યાન આપતાં હોય છે. તથા એક વાલીને કમિટી સભ્ય તરીકે લેવામાં આવેલ છે, તેમજ આ કમિટીઓનું સંચાલનનો કાર્યદોર સોંપવામાં આવેલ છે.
- કોમ્પ્યુટર તાલીમની પણ વ્યવસ્થા છે. સ્કુલમાં ૧ કોમપ્યુટર પર બેસાડી બાળકને કોમ્પ્યુટરથી વાકેફ કરીને ગેમધ્વારા તેને રસ લેતું કરવામાં આવે છે, ત્યારબાદ તે બાળકનાં લેવલ મુજબ તેને કોમ્પ્યુટરનો કોઈ કોર્ષ કરાવવામાં આવે છે. આ કોમ્પ્યુટરની તાલીમ સંસ્થાનાં જ કમિટી સભ્ય કુ. અમીતાબેન પટેલ ધ્વારા તેમનાં ક્લાસીસ પર આપવામાં આવે છે.
- દર મહિનાનાં છેલ્લાં શનિવારે વાલી મીટીંગ હોય છે, જે માતા માટે ફરજીયાત હોય છે. તેમજ આ મિટીંગોમાં અવારનવાર અલગ અલગ વિષયો આધારીત ગેસ્ટ લેક્ચર રાખવામાં આવે છે, જેનાંથી વાલીઓને તેમનાં બાળકો માટે ઘણી જાણકારી મળી રહે છે.
- દર મહિનાનાં બીજા શનિવારે વોકેશનલ આર્ટ વર્કશોપનું આયોજન સંસ્થાનાં આર્ટ એન્ડ એજ્યુકેશન કમિટીનાં સભ્યો ધ્વારા કરવામાં આવે છે. જેમાં, બાળકોને તથા વાલીઓને કોઈ પ્રોડેક્ટ બનાવતાં શીખવવામાં આવે છે, કે જે પ્રોડેક્ટ માર્કેટ મુજબની ફિનિશીંગવાળી, માર્કેટની જરુરીયાત મુજબની હોય છે. તેમજ તેની કોસ્ટીંગ કાઢીને તેને કેવી રીતે વેંચાણ કરવું તેની માહિતી પણ આપવામાં આવે છે. આ વર્કશોપમાં આપણી સ્કુલ સિવાયનાં એટલે કે અન્ય સ્કુલોમાં જતાં બાળકો પણ લાભ લઈ રહ્યાં છે.
- વોકેશનલ એક્ટીવીટીમાં સિઝનલ પ્રોડક્ટ જેવી કે રાખી, કોડિયા, પતંગ, નવરાત્રિનાં ઘરેણાં, પવિત્રા વિગેરે બનાવાય છે. તેમજ પગલુછણિયા, અગરબત્તી, પેપરડીશ, પેપરબેગ વિગેરે પણ બનાવાય છે. તેમજ દરેક બાળકનાં વોકેશનલ ગોલ આધારીત તેઓ પ્રોડક્ટ બનાવતાં શીખતા હોય છે.
- વર્ષમાં ૧-૨ વાર મેડીકલ કેમ્પો, સેમિનારો તેમજ વર્કશોપોનું આયોજન પણ સ્કુલ ઉપર ગોઠવવામાં આવે છે.
- બેન્ક વિઝીટ, પાર્ક વિઝીટ, હોટેલ મેનર્સ માટે હોટલ વિઝિટ, પ્રાણીસંગ્રહાલય, ફેક્ટરી વિઝીટ વિગેરે પણ ગોઠવવામાં આવે છે.
- સંસ્થાનાં માનદ્ ટ્રસ્ટીશ્રીઓમાં -

૧) શ્રી સુભાષ આપ્ટે સાહેબ પોલિયો ફાઉન્ડેશન સાથે સંકળાયેલ છે.નવજીવન ચેરી. ટ્રસ્ટનાં માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી છે.

૨) શ્રી નિલેષ પંચાલ સાહેબ નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટમાં પ્રિન્સિપાલ છે, જીવન ડે-કેર સંસ્થામાં મેનેજીંગ ટ્રસ્ટી છે, સ્પે. ઓલમ્પીકમાં કોચ-ઓફિસિયલ એસ્કોર્ટ છે, SWMR માં કન્વીનર છે.

૩) શ્રી યશેષ શાહ – સંસ્થાનાં માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી છે. જેઓ એક સારા ડિઝાઈનર તથા કોરીઓગ્રાફર તરીકે પ્રસિદ્ધ છે. વિકલાંગતાનાં ક્ષેત્રનો પણ તેમણે અભ્યાસ કરીને આર.સી.આઈ. રજીસ્ટ્રેશન મેળવેલ છે. તેઓ શ્રીની વર્ષ **૨૦૦૭માં (ઈનકોન) હોલીસ્ટીક હેલ્થ પ્રમોશન એન્ડ એલાઈડ એજ્યુકેશન ફાઉન્ડેશન, સિક્કીમ**ની સંસ્થા ધ્વારા **સોશીયલ વર્ક વીથ ઓરીએન્ટલ આર્ટ એન્ડ સાયન્સનાં એવોર્ડ** માટે નોમિની તરીકે પસંદગી થયેલ છે. તથા વર્ષ **૨૦૦૯માં નેશનલ એજ્યુકેશન એન્ડ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ઓર્ગનાઈજેશન – મુંબઈની** સંસ્થા ધ્વારા **રાષ્ટ્રીય ઉધ્યોગ રત્ન એવોર્ડ** માટે પણ નોમિની તરીકે પસંદગી થયેલ છે. તથા **વર્ષ ૨૦૧૨માં ઈન્ટેલેક્ચ્યુઅલ પીપલ એન્ડ ઈકોનોમી ગ્રોથ એસોસીએશન – દિલ્લી**ની સંસ્થા ધ્વારા **નેશનલ સ્ટેટસ એવોર્ડ ફોર ઈન્ટેલેક્ચ્યુઅલ ડેવલપમેન્ટ** માટે પણ નોમિની તરીકે પસંદગી થયેલ છે.

- આ સિવાય સંસ્થા સોસાયટી ફોર ધી મેન્ટલ રીટાર્ડેડ ધ્વારા આયોજીત ચિત્રહરિફાઈ, ગરબા કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લે છે. સ્પે. ઓલિમ્પીક ધ્વારા રમાતી તથા વ્યાયામશાળા ધ્વારા રમાતી રમતો માં બાળકો ભાગ લે છે. જાગૃતિ ફાઉન્ડેશન ધ્વારા આયોજીત એક્ઝીબીશનોમાં સંસ્થા ભાગ લે છે.
- આ સિવાય રક્ષાબંધન , જન્માષ્ટમી, સ્વાતંત્રદિન, નવરાત્રિ, દિવાળી, ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષમાં એક વાર પીકનીકનું આયોજન પણ કરવામાં આવે છે.
- દરેક બાળક । વ્યક્તિનાં પુનર્વસનનો પ્રોગ્રામા ફાઈલ સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી યશેષ શાહ બનાવે છે. તેમજ તેમનાં માર્ગદર્શન હેઠળ જ સ્કુલમાં બાળકોને તાલીમ આપવામાં આવે છે.

**શ્રી દક્ષા મકવાણા (પ્રોજેક્ટ કોઓર્ડિનેટર - ક્રિષ્ણા વીટીસી)**





SHAH J. J. CHA. TRUST
(R.no.- E-16753 / A.bad)
(PWD no.- 738 / 09)

## સંસ્થામાં થતી અન્ય પ્રવૃત્તિઓની ઝલક

**તહેવારોની ઉજવણી -**

રક્ષાબંધન - અમીતા શાહ
જન્માષ્ટમી - રીના શાહ
નવરાત્રિ - યશેષ શાહ
દિવાળી - શ્રી જશવંતલાલ જે. શાહ (ફાઉન્ડર), શ્રીમતી વીમળાબેન જે. શાહ (ટ્રસ્ટી)
નવું વર્ષ - કમિટી સભ્યો ધ્વારા સંસ્થા સાથે જોડાયેલ દરેકનાં ફેમિલી સાથે હોટલમાં દિવાળી ગેટ ટુ ગેધર
ઉત્તરાયણ - રીપલ ભટ્ટ
હોળી - વર્ષા શાહ
નાતાલ - દક્ષા મકવાણા

**ડે સેલીબ્રેશન - દક્ષાબેન , રીપલબેન, વર્ષાબેન**

૧૫ ઓગષ્ટ - સ્વાતંત્રદિન
૩ ડીસેમ્બર - વર્લ્ડ ડીસેબલ ડે
૮ ડીસેમ્બર - મંદબુદ્ધિ દિવસ
૮ માર્ચ - વુમન્સ ડે

**વધારાનાં કાર્યક્રમ**

પીકનીક - દિપક શાહ
મ્યુઝીકલ નાઈટ - ઝંખના મહેતા
હાટડી મેળા - અંકુર પઠાણ
રંગોળી સ્પર્ધા - યશેષ શાહ અને રીના શાહ
એક્ઝીબીશનો - છાયા ખત્રી
મહેંદી સ્પર્ધા - અમીતા પટેલ
ચેસ સ્પર્ધા - દર્શિતા શાહ
બેંક વીઝીટ - ભરતભાઈ રાવલ
ગાર્ડનીંગ - દક્ષાબેન , રીપલબેન, વર્ષાબેન
સમર કેમ્પ - દક્ષાબેન , રીપલબેન, વર્ષાબેન

**તબીબી પ્રવૃત્તિ**

ઓપીડી - ડો. પારુલ શાહ
સેમિનાર - ડો. પાર્થ ઓઝા
વર્કશોપ - ક્રિષ્ણા પુજારા

**મફત કાનૂની સલાહ કેન્દ્ર** - મીતલ સોની

**ચિલ્ડ્રન કલબ** - દિપક ભટ્ટ



**રમતગમત**

સ્પે. ઓલિમ્પીકમાં રમાતી તમામ રમતોની પ્રેક્ટીસ સ્પોર્ટસ ટીચર રણજીત ગોહીલ ધ્વારા સ્કુલનાં સમયમાં સેશન હોય ત્યારે તથા સ્કુલ સિવાયનાં સમયમાં યુનિવર્સિટી ગ્રાઉન્ડ પર કરાવવામાં આવે છે.

### New Skill Development Courses

**Designing**

Fashion Designing, Designing in Hand Embroidery, Stitching & Pattern Making, Designing in Tie & Die, Designing in Block Printing, Designing in Fabric Painting, Designing in Basic, Paper Art & Craft, Designing in Glass Painting, Canvas Painting

**Beauty Parlour (Basic)**

Messages, Manicure, Pedicure, Basic of Mahendi, Basic of Make-up

**Computer**

Ms-office, Designing in Graphic(DTP), Tally

**Seasonal Products**

Diya making, Rakhi, Diwali Greetings, Farali Snacks, Kite & Dori dying, Herbal color making

**For, Special Teachers**

Basic knowledge of Dance & Music,

Basic knowledge of Yoga Therapy, Basic knowledge of Drawing Therapy, Art Workshops

**શ્રીમતી રીના શાહ**
**(પ્રોજેક્ટ ડાઈરેક્ટર - ક્રિષ્ણા આર. એન્ડ ડી. સેન્ટર)**













### Annual Trustee Meetings

| તારીખ | કુલ હાજર સંખ્યા | વિગત |
|---|---|---|
| ૨૪-૧૦-૨૦૧૨ | ૬ | આઠમી વાર્ષિક ટ્રસ્ટી મિટીંગ સંસ્થાનાં કાર્યાલય ઉપર મળી. જેમાં કમિટીમાંથી પણ કોઈ નવા ટ્રસ્ટીને ઉમેરવા તેવાં સુજાવ દરેક ટ્રસ્ટીશ્રીનાં હતાં. તથા મેનેજીંગ ટ્રસ્ટી ધ્વારા વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો. |

### Regular Committee Meetings

| તારીખ | કુલ હાજર સંખ્યા | વિગત |
|---|---|---|
| ૦૬-૦૫-૨૦૧૨ | ૧૮ | હેલ્પીગ હેન્ડ કો-ઓર્ડિનેટરની નિમણૂંક. |
| ૦૯-૦૯-૨૦૧૨ | ૨૭ | વાર્ષિક કમિટી મિટીંગ, કમિટીમાં એક્ટીવ જોનનાં સભ્યો અને સાયલન્સ જોનનાં સભ્યો એમ મુખ્ય ૨ વિભાગ પાડી એક્ટીવ જોનનાં સભ્યોને જવાબદારીઓ સોંપવામાં આવી. કમિટી પ્રેસિડન્ટ, આર્ટ એન્ડ એજ્યુકેશન કમિટી ચેરમેન, મેડીકલ કમિટી ચેરમેનની દર વર્ષે રોટેશન થાય તે અંગે નવી નિમણૂંકની શરુઆત. કમિટી પ્રેસિડન્ટ - ડો. સ્નેહલતા શાહ, આર્ટ એન્ડ એજ્યુકેશન કમિટી ચેરમેન - કુ. અમીતા પટેલ, મેડીકલ કમિટી ચેરમેન- કું. ક્રિષ્ણા પુજારા. આર્ટ કમિટી હવેથી આર્ટ એન્ડ એજ્યુકેશન કમિટી તરીકે કહેવાશે. |
| ૧૬-૧૨-૨૦૧૨ | ૪૫ | એજીએમ- વાર્ષિક ફેમિલી દિવાળી ગેટ ટુ ગેધર વીથ લન્ચ. તેમજ સંસ્થા ધ્વારા ભારત સરકારનાં લઘુ ઉધ્યોગોનાં વિકાસ અર્થે ચાલતાં પ્રોજેક્ટોની ૪ બેચ અલગ અલગ જગ્યાએ મૂકવામાં આવી તેની રજૂઆત. અપંગ માનવ મંડળ, કન્યા છાત્રાલયમાં પેપર બેગ મેકીંગનો ૩ મહિનાનો વર્કશોપ આપણી સંસ્થાએ ગુજરાત સરકારનાં અંતર્ગત ચલાવ્યો તેની રજૂઆત. દરેક કમિટીનાં ચેરમેનોએ તેમની કમિટીએ કરેલાં કાર્યની રજૂઆત. એક્ઝીબીશન કમિટી ધ્વારા થયેલ નોંધનીય કાર્ય. |

### Committee Association's Meetings

| તારીખ | કુલ હાજર સંખ્યા | વિગત |
|---|---|---|
| ૦૮-૦૭-૨૦૧૨ | ૧૩ | આર્ટ કમિટી એસોસીએશન – આર્ટ વર્કશોપ ચાર્જીસ, ડાન્સ ક્લાસીસ |
| ૦૭-૧૦-૨૦૧૨ | ૧૪ | આર્ટ એન્ડ એજ્યુકેશન કમિટી એસોસીએશન |
| ૧૪-૧૦-૨૦૧૨ | ૦૭ | એડવોકેટ કમિટી એસોસીએશન – સંસ્થા પરીચય (પ્રથમસભા) |
| ૨૧-૧૦-૨૦૧૨ | ૦૭ | મેડીકલ કમિટી એસોસીએશન – ઓપીડી, સેમિનાર મેનેજમેન્ટ |
| ૦૬-૦૧-૨૦૧૩ | ૧૪ | એક્ઝીબીશન કમિટી - પ્રથમસભા (હાટડીમેળા આયોજન) |
| ૧૯-૦૧-૨૦૧૩ | ૧૧ | લાઈફ ટાઈમ મેમ્બરશીપ અંગે સંચાલકોની પ્રથમસભા (૭ સંસ્થાઓ) |
| ૧૭-૦૨-૨૦૧૩ | ૦૭ | આર્ટ કમિટી – નવા મેમ્બર્સ માટેનું આયોજન. |
| ૨૪-૦૨-૨૦૧૩ | ૦૫ | એડવોકેટ કમિટી એસોસીએશન – નવા કમિટી સભ્યની નિમણૂંક |
| ૦૮-૦૩-૨૦૧૩ | ૦૫ | મેડીકલ કમિટી એસોસીએશન – ઓપીડી માટે મળેલ જગ્યા પર ઓપીડી શરુ કરવા અંગે ચર્ચા-વિચારણાં તથા તે માટે મેનેજમેન્ટ કમિટીનું આયોજન થયું. |
| ૨૩-૦૩-૨૦૧૩ | ૦૯ | આર્ટ એન્ડ એજ્યુકેશન કમિટી એસોસીએશન |





**ડો. સ્નેહલતા શાહ (કમિટી પ્રેસિડન્ટ)**